# સાબરકાંઠા જિલ્લો બન્યો યોગમય

## જિલ્લાના ૧૬૦૬ કેન્દ્રો ઉપર ૩ લાખથી વધુ લોકો યોગમાં જોડાયા

સાબરકાંઠા, તા. ૨૧

૨૧ મી જૂન વિશ્વ યોગ દિન ઉજવણી અંતર્ગત ચોથા વિશ્વ યોગ દિવસની સાબરકાંઠા જિલ્લાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે તથા સાસંદ દિપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

યોગ એ વૈશ્વિક પરંપરા હોવાનું જણાવતા કલેકટર પ્રવિણા ડી. કે જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગ થકી રાષ્ટ્રને નવી ઓળખ આપવાનું કામ કર્યુ છે. યોગએ સમગ્ર વિશ્વના દેશનો જોડવાનું કામ કર્યુ છે.

જિલ્લા સમાહર્તા પ્રવિણા ડી.કે સાબરકાંઠા જિલ્લામાં યોજાયેલ યોગ દિવસની વિગત આપતા જણાવ્યું હતું. જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે



પોલીસ હેડકર્વાટર ૨૦૬૪ લોકો યોગમાં જોડાયા હતા. જયારે જિલ્લામાં જેલ, અન્ય જાહેર સ્થળોએ, શૈક્ષણિક સંસ્થાઓ સહિત ૧૬૦૬ કેન્દ્રો ખાતે યોજાયેલ યોગ નિદર્શનમાં ૩લાખથી વધુ લોકો યોગમાં જોડાયા હતા. આ ઉપરાંત સહયોગ કૃષ્ટરોગ ટ્રસ્ટ, ઈડરીયા ગઢ, પોળો કેમ્પ સાઈટ અને ખેડબ્રહ્મા માતાજી મંદિર ખાતે યોગ નિદર્શન યોજાયું હતું.

આ કાર્યક્રમમાં વિધાર્થીઓ, એન.એસ. એસ., એન.સી.સી. કેડેટસ, યોગ સાથે સંકળાયેલી સંસ્થાઓ, અન્ય સેવાભાવી સંસ્થાઓ પણ આ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતી.

યોગ દિનની ઉજવણીમાં પોલીસ આવાસ નિગમના ચેરમેન ડી.ડી.પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણ, જિલ્લા પોલીસ અધીક્ષક સૌરભસિંઘ, અધિક કલેકટર વી.એલ.પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપાધ્યાય, તેમજ નગરજનો મોટી સંખ્યમાં ઉપસ્થિત રહયા હતા.

### કયા તાલુકામાં કેટલા લોકો યોગમાં જોડાયા

| તાલુકો | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| હિંમતનગર | ૫૦૬૬૮ | ૪૦૪૨૯ | ૯૧૦૯૭ |
| ઈડર | ૨૮૭૩૮ | ૨૭૫૩૭ | ૫૬૨૭૫ |
| વડાલી | ૯૨૭૨ | ૮૧૧૪ | ૧૭૩૮૬ |
| ખેડબ્રહ્મા | ૧૮૨૩૩ | ૧૭૨૫૧ | ૩૫૪૮૪ |
| પોશીના | ૧૦૧૨૬ | ૮૦૮૨ | ૧૮૨૦૮ |
| વિજયનગર | ૧૮૧૮૧ | ૮૭૯૯ | ૨૬૯૮૦ |
| પ્રાંતિજ | ૧૭૧૧૧ | ૧૩૩૭૮ | ૩૦૪૮૯ |
| તલોદ | ૧૯૨૬૨ | ૧૨૨૩૩ | ૩૧૪૯૫ |
| કુલ | ૧૭૧૫૯૧ | ૧૩૫૮૨૩ | ૩૦૭૪૧૪ |

# કાંકરેજના ઊણ હાઈસ્કૂલ ખાતે વિશ્વયોગ દિન ઉજવાયો

કાંકરેજ, તા. ૨૧

સમગ્ર ભારતમાં આજે ૨૧ જુનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના ઉણ ખાતે વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કાંકરેજ તાલુકાના ઉણ ખાતે ઉણ કેળવણી મંડળ સંચાલિત મંગલમંદિર વિધાલય ખાતે આજે કાંકરેજ તાલુકાના યુવા ઉત્સાહી તાલુકા વિકાસ અધિકારી અનિલભાઈ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં યોગના ફાયદા વિશે જણાવ્યુ હતુ કે ભારતે વિશ્વને યોગના રુપે એક અનોખી ભેટ આપી છે. યોગના લિધે તન અને મનની શુધ્ધિ થાય છે. આપણા ઋષિ મુનીઓનો મહાન પરંપરાનો આજે દુનિયાના દરેક દેશે સ્વીકાર કર્યો છે. જે આપણા માટે ગર્વની વાત છે. આમ યોગ કરવાથી શરીરની તંદુરસ્તી તેમજ સ્વાસ્થય જળવાઈ રહે અને મન પણ પ્રફુલ્લિત રહે છે.

આ વિશ્વ યોગ દિન નિમિતે સમગ્ર કાંકરેજ તાલુકાના તમામ શાળાઓમાં આજે યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં ઉણ મંગલમંદિર વિધાલયમાં વહેલી સવારથી કાંકરેજ ટી.ડી.ઓ. અનિલભાઈ ત્રિવેદી તેમજ આચાર્ય બી.એમ. પંડ્યા, નિલેશ પટેલ વ્યાયામ શિક્ષક સહિત વિધાલયનો તમામ સ્ટાફ, આંગણવાડીની બહેનો, સરકારી હોસ્પિટલની બહેનો અને સ્કુલના ૯થી કોલેજ સુધીના તમામ વિધાર્થીઓએ યોગ દિન નિમિતે યોગા તેમજ યોગાસન કરી બાળકોએ બહોળી સંખ્યામાં ભાગ લિધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



# પોગલુના યુવાને જન્મ દિવસની ઉજવણી અનોખી રીતે કરી

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે રહેતા ૨૧ વર્ષના યુવાને પોતાનો જન્મ દિવસ હાઈફાઈ હોટલ કે ગાર્ડન કે મિત્રો સાથે ફરવા જઈને કે ઉજવણી કરવાને બદલે પ્રાંતિજ વૃધ્ધાશ્રમ ખાતે જઈને વૃધ્ધો સાથે ઉજવ્યો.

આજના યુવાનો યંત્ર યુગની જીંદગી સાથે ટેવાયેલો છે અને મોબાઈલ બાઈક જેવી સુવિધાઓ સાથે હાઈફાઈ હોટલ સહિત હાઈફાઈ ખર્ચમાં પણ વધારો થયો છે. ત્યારે જન્મ દિવસ પાછળ હજાર રૂપિયાથી માંડીને લાખ્ખો રૂપિયા સુધીનો ખર્ચ કરી નાખે છે. ત્યારે પ્રાંતિજના પોંગલુના ૨૧ વર્ષનો યુવાન અનુજ પટેલે તેનો જન્મ દિવસ હાઈફાઈ હોટલ ગાર્ડન કે તેના ઘરે ઉજવવાના બદલે પ્રાંતિજ માલ્કડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ વૃધ્ધાશ્રમમાં વુધ્ધો સાથે મનાવ્યો હતો અને વુધ્ધો સાથે કેક કાપી ભોજન પણ સાથે લીધું હતું.



વૃધ્ધોના ચહેરા ઉપર સ્મિત જોવાં મલ્યુ હતું જ્યારે તેના માતા-પિતાએ પણ પુત્રની ઈચ્છાને સમર્થત આપ્યું. સમાજ તથા અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ કહીએ તો નવાઈ નહી ત્યારે આ પ્રસંગે સંત સુનીલદાસ મહારાજ, અરવલ્લી-સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી વિભાષભાઈ સહિત મિત્રો સંગા સંબધીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પ્રાંતિજ ખાતે યોગ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળા કોલેજો સહિત ફેકટરીઓમાં યોગ કાર્યક્રમો યોજાયા હતાં.



પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ શાળા કોલેજો સહિત ફેકટરીઓમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ કાર્યક્રમો યોજાયા હતાં. જેમાં શેઠ.પી.એન્ડ આર હાઈસ્કુલ, અવરઓન સ્કુલ, ચિત્રણી નર્સિંગ કોલેજ, એશિયન ગ્રેનીટો ઈન્ડિયા લિમિટેડ કંપની તથા પ્રાંતિજ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી કંપની ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધમેન્દ્ર જાની પ્રેસિડન્ટ (ઓપરેશન્સ), વિનય કુંભત ચીફ ફાયનાન્સ ઓફિસર, આર.કે. દાસ, ડી.જી. એમ.એચ.આર, ટી.કે. દાસ જનરલ મેનેજર કોર્પોરેટ એચ.આર. સહિત કંપનીમાં કામ કરતા કર્મચારીઓએ યોગ કર્યા હતા. જયારે પ્રિય મુલાણી દ્વારા યોગ કરાવવામાં આવ્યાં હતાં. તો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિશ્વેશ્વર ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.



## ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલ ખાતે વિશ્વયોગ દિનની ઉજવણી કરાઈ

૨૧ જુને સમગ્ર વિશ્વમાં યોગદિનની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે વિશ્વયોગદિન નિમિત્તે ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ ધનસુરા કેળવણી મંડળના હોદ્દેદારોએ યોગ કરી યોગદિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ પટેલ, હાઈસ્કૂલના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈ, મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ધાનેરા ફાયરિંગ મામલે પોલીસે બંદૂક જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ધાનેરા ફાયરિંગ મામલે પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે અને ઘટના સ્થળે જઈ બંદૂક કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધાનેરામાં ખેતરના રસ્તા બાબતે બબાલ સર્જાઈ હતી. જેમાં ફાયરિંગ કાર્ય ૧૮ વર્ષીય યુવકના પેટમા ગોળી વાગતા યુવકને ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડાયો હતો તે બાદ પોલીસે તાપસનો ધમધમાટ શરુ કર્યો છે.

# મહેસાણા જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી

મહેસાણા, તા. ૨૧

યોગ એ ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન છે. આ સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ૨૧ જુન રોજ વિશ્વ યોગ દિવસ તરીકે માન્યતા મળી છે. સમગ્ર વિશ્વમાં ચોથા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. મહેસાણા જિલ્લાનો મુખ્ય કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. સમગ્ર મહેસાણા જિલ્લામાં ૧૩૮૨ જેટલા સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. જેનો પ્રારંભ ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના અધ્યક્ષ મગનભાઈ માળી અને સાંસદ જયશ્રીબહેન પટેલે કરાવ્યો હતો. મહેસાણા જિલ્લાના વિવિધ સ્થળોએ પાંચ લાખથી વધું શિબીરાર્થીઓ યોગ નિર્દશન રજુ કર્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત અધ્યક્ષ મગનભાઈ માળીએ જણાવ્યું હતું કે ભારતનો ભવ્ય ભુતકાળ અને ઐતિહાસિક વિરાસતને ઉજાગર કરવાનું ઉત્તમ કામ વિશ્વ યોગ દિવસથી થયું છે. સમગ્ર વિશ્વમાં ભારતીય સસ્કૃતિને પ્રસ્થાપીત કરી જગતગૂરૂ તરફ ભારત પ્રયાણ કરી રહ્યું છે. યોગએ ભારતની પુરાતન સંસ્કૃતિની ઉત્તમ દેન છે. સમગ્ર વિશ્વના કલ્યાણ અર્થે પ્રધાનમંત્રીના પ્રયાસોથી આજે ચોથા વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ રહી છે.



સાસંદ જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે યોગ થકી મનુંષ્યને શારીરીક, માનસિક અને આધ્યાત્મિક માર્ગદર્શન મળી રહે છે. ઋષિ પતંજલીએ યોગ સુત્ર આપી અનેક ઋષિમુનિઓને યોગને સાક્ષાત્કાર કર્યો છે. મહેસાણા જિલ્લામાં ૧૫જેટલી સંસ્થાઓ યોગ અંગેની તાલીમ અને માર્ગદર્શન આપી રહી છે જેનો જિલ્લાની પ્રજાને લાભ લેવા અપીલ કરી હતી.

# મેઘરજ તાલુકાના રામગઢી (ભુતીયા) ગામે ડાકણનો વહેમ રાખી મહિલાને કેરોસીન છાંટી સળગાવી

મેઘરજ, તા. ૨૧

મેઘરજ તાલુકાના રામગઢી (ભુતીયા )ગામે મંગળવાર રાત્રે ગામના જ બે ઈસમોએ મહિલા ઉપર ડાકણનો વહેમ રાખી મહિલાને કેરોસીન છાંટી આગ ચાંપી મહીલાને સળગાવવાની ઘટનાથી સમગ્ર



પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

રામગઢી (ભુતિયા)ગામે મંગળવાર રાત્રે ૧૦ વાગ્યાના સુમારે કુબેરભાઈ મેઠાભાઈ પરમાર તેમજ તેમની પત્ની શાંતાબેન એમ બંને પતિ-પત્ની ઘરે જમી પરવારીને સૂઈ જવાની તૈયારી કરતા હતા તે વખતે કુબેરભાઈનો ભત્રીજો બાબુ હીરા પરમાર તથા કોદર હીરા પરમાર તથા તેની પત્ની જોત્સનાબેન બાબુ પરમાર એમ આ ત્રણે ઈસમો કુબેરભાઈ તથા શાન્તાબેનને નઠારી ગાળો બોલી કહેતા હતા કે તમોએ અમારા છોકરાને મેલી વિદ્યા કરી ગાંડો કર્યો છે અને તુ ડાકણ છે તેમ કહેવા લાગેલા. જેથી કુબેરભાઈએ ગાળો બોલવાની ના પાડતા તેઓ ગાળો બોલતા બોલતા તેઓ તેમના ઘરે જતા રહ્યા હતા અને ઘરે જઈને જોરજોરથી ગાળો બોલતા હોય જેથી કુબેરભાઈની પત્ની શાન્તાબેન આ ઈસમોના ઘરે જઈને ગાળો બોલવાની ના પાડતા બાબુ પરમાર તથા કોદર પરમાર અને જોત્સના પરમાર એકદમ ઉશ્કેરાઈ જઈ બાબુ પરમારે કેરોસીન ભરેલું ડબલુ શાંતાબેન ઉપર રેડ્યુ હતું અને કોદર પરમારે દીવાસળી સળગાવી શાંતાબેનને આગ ચાંપી હતી. જેથી શાન્તાબેનને શરીરે આગ લાગતા તેઓ તેમના ઘર તરફ દોડ્યા હતા જ્યાં બુમાબુમ થતાં આજુબાજુના રહીશો ભેગા થઈને શાન્તાબેનની લાગેલ આગ બુજાવી તાબડતોબ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા જે ઘટના અંગે શાન્તાબેનના પતિ કુબેર મેઠા પરમારે તેમના ભત્રીજા આરોપી બાબુ હીરા પરમાર, કોદર હીરા પરમાર, જોત્સના બાબુ પરમાર તમામ. રહે. રામગઢી (ભુતિયા) તાલુકો મેઘરજ સામે ફરિયાદ નોંધાવી હતી.

# અરવલ્લી જીલ્લા કલેક્ટર એમ. નાગરાજને ડાકણનો વહેમમાં જીવતી સળગાવેલી મહિલાની મુલાકાત લીધી

મોડાસા, તા. ૨૧

ગતિશીલ ગુજરાત અને ડિજિટલ ગુજરાતની સરકારની સુફિયાણી જાહેરાતો અને દાવાઓ વચ્ચે હજુ પણ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના અંતરાળીય વિસ્તારના પ્રજાજનો અંધશ્રદ્ધા અને દોરા-ધાગાના યુગમાં જીવી રહ્યા છે. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ડાકણનો વહેમ રાખી અનેકવાર વૃદ્ધ મહિલાઓ પર હુમલા થવાની અને જીવતી સળગાવી દઈ હત્યા કરવામાં આવી રહી છે. અંધશ્રદ્ધાના ખપ્પરમાં હોમાયેલી પ્રજામાં સરકારી તંત્ર દ્વારા જન-જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે તેવી પ્રબળ માંગ જીલ્લાના પ્રજાજનોમાં ઉઠી છે.

અરવલ્લી જીલ્લા કલેકટર એમ.નાગરાજને સંવેદનશીલ અભિગમ દાખવી મેઘરજના રામગઢી ગામની મહિલા પર તેનાજ ભત્રીજાએ કેરોસીન છાંટી આગ લગાવતા ગંભીર રીતે દાઝેલી મહિલાને સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાતા ગુરુવારે મુલાકાત લીધી હતી અને મહિલાના પરિવારજનોની આપવીતી સાંભળી મહિલાને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવાની હોસ્પિટલ તંત્રને સૂચના આપી મહિલાનો સારવારનો તમામ ખર્ચ તંત્રએ આપવાની તૈયારી બતાવી પરિવારજનો અને ગંભીર રીતે દાઝેલી મહિલાને હૈયાધારણા આપી મહિલાને જીવતી સળગાવવાનો પ્રયત્ન કરનાર ભત્રીજા સહીત ત્રણ શખ્સો સામે યોગ્ય કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું અરવલ્લી જીલ્લા કલેકટરે અંધશ્રદ્ધાનો ભોગ બનેલી અને ગંભીર રીતે દાઝેલી મહિલાની મુલાકાત લઈ યોગ્ય સારવાર આપવાની અને મહિલાને અમદાવાદ હોસ્પિટલનો સારવાર અપાવવાની અને તમામ ખર્ચ ઉઠાવવાની સરાહનીય કામગીરી અરવલ્લી જીલ્લાના પ્રજાજનોએ આવકારી હતી અને સરાહના કરી હતી.

# વિશ્વ યોગ દિવસની બનાસકાંઠા જિલ્લામાં શાનદાર ઉજવણી કરાઈ

પાલનપુર, તા. ૨૧

તા. ૨૧મી જૂન-વિશ્વ યોગ દિવસની બનાસકાંઠા જિલ્લામાં ભારે હર્ષ અને ઉત્સાહભર્યા માહોલમાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૬ વાગ્યા પહેલાંથી જ નાગરિકો નક્કી કરેલ સ્થળોએ ઉત્સાહભેર ઉમટી રહ્યા હતા. સવા છ વાગ્યા સુધીમાં તો દરેક સ્થળોએ વિશાળ સંખ્યામાં લોકો યોગા કરવા પોતાના સ્થળે ગોઠવાઈ ગયા હતા.



વિશ્વ યોગ દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજય મંત્રી હરીભાઈ ચૌધરી તથા સિંચાઈ અને પાણી પુરવઠા રાજય મંત્રી પરબતભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દુનિયામાં સુખ-શાંતિ અને ભાઈચારા માટે સંયુકત રાષ્ટ્ર સમક્ષ ભારતની ભવ્ય યોગ પધ્ધતિનો સ્વીકાર કરવા પ્રસ્તાવ મુક્યો હતો. તેને દુનિયાના ૧૭૭ દેશોએ સમર્થન આપી સ્વીકાર કરતાં આજે સમગ્ર વિશ્વ યોગમય બન્યું છે. તેમણે કહ્યું કે આજે ભારત સહિત સમગ્ર વિશ્વના ૨૫૦ દેશોમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું કે યોગથી વિશ્વમાં વસુધૈવ કુંટુંબકમની ભાવના કેળવાય છે. આજે સમગ્ર વિશ્વ યોગમય બન્યું છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે નિયમીત યોગ અને પ્રાણાયામ કરવાથી શરીર અને મન પ્રસન્ન રહે છે તથા દિવ્ય ઊર્જા મળે છે જેનાથી વ્યકિતની કામ કરવાની અને હકારાત્મક વિચારવાની શકિતનો વિકાસ થાય છે. તેમણે કહ્યું કે યોગ કરવાથી મુશ્કેલીઓ અને ટેન્શન દૂર થાય છે અને આમ થવાથી દુનિયાભરમાં સુખ-શાંતિ આવી શકે છે. તેમણે કહ્યું કે નિયમિત યોગ કરી તેને આપણા જીવનની પધ્ધતિમાં વણી લઈએ.



## બનાસ ડેરી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

એશિયા ખંડની નામાંકિત બનાસ ડેરી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર, પાલનપુર દ્વારા બનાસ ડેરીના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓને ‘સહજ રાજયોગ અનુભૂતિ સત્ર’ યોજીને યોગ કરવાથી જીવનમાં શું ફાયદો થઈ શકે અને મેડીટેશન દ્વારા જીવનમાં આધ્યાત્મિક ઉન્નતી વિષય પર વિશેષ પ્રકારની માહિતી આપી હતી.આ પ્રસંગે બ્રહ્મા કુમારીઝ સેવા કેન્દ્ર, પાલનપુરના રેણુકાબેને કહ્યું હતું કે યોગના વિવિધ પ્રકાર છે. જેમાં સહજ રાજયોગ કરવાથી અનેક માનસિક અને શારીરિક ફાયદા થઈ શકે તેમ છે. નિયમિત યોગ કરવામાં આવે તો માનવીના જીવનમાં અનેક પરિવર્તન આવી શકે છે જેમાં વિશેષ કરીને સહજ રાજયોગ કરવાથી માનસિક શાંતિની અનુભૂતિ થાય છે.